NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**ખાસ અગત્યનું/સમય મર્યાદા**

## પરિપત્ર

**માઈનસ ગ્રાન્ટ સરભર કરવા બાબત.**

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કચેરી અને યોજનાઓના વડાશ્રીઓ, નિયંત્રણ અધિકારીશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, અત્રેની કચેરીના તિજોરી વિભાગમાં ઘણી કચેરીઓ દ્વારા જુદીજુદી યોજનાઓના બીલ પાસીંગ અર્થે રજુ કરવામાં આવે ત્યારે ગ્રાન્ટ માઈનસમાં હોવાના કારણે બીલો વાંધામાં આપવામાં આવે છે. સદર બીલો પાસ કરાવવા માટે જે તે કચેરી તરફથી **વર્ષના અંતે જે તે ફંડિંગ એજન્સી તરફથી માઈનસ ગ્રાન્ટ મેળવી લેવાની તેમજ જે તે કચેરીના રીવોલ્વીંગ સદરે બચત રહેલ ફંડ માંથી સરભર કરી લેવાની શરતે બીલ પાસ કરવા અંગેનું "પ્રમાણપત્ર" ઉપર કચેરી અને યોજના ના વડાશ્રીની ભલામણો** મેળવી માઈનસ ગ્રાન્ટના બીલો પાસ કરાવવા અર્થે અત્રેની કચેરીની તિજોરી શાખામાં ફરી રજુ કરવામાં આવે છે. જે ભલામણોને ધ્યાને રાખી યોજના ના હેતુઓ સમયમર્યાદામાં સિદ્ધ થઇ શકે તે માટે માઈનસ ગ્રાન્ટ વાળા બીલો પાસ કરવામાં આવે છે.

ઉપરોક્ત બાબતે જે કચેરીઓ દ્વારા જુદીજુદી યોજનાઓમાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં માઈનસ ગ્રાન્ટના બીલો પાસ કરાવવામાં આવ્યા છે, એવી યોજનાઓની ફંડિંગ એજન્સી પાસેથી ઘટતી વધારાની ગ્રાન્ટ **તા. ૨૬/03/૨૦૨૪ પહેલા મેળવી માઈનસ ગ્રાન્ટ સરભર કરાવવાની રહેશે**. જો માઈનસ રહેલ ગ્રાન્ટ જે તે ફંડિંગ એજન્સી પાસેથી મેળવી સરભર ન કરાવવામાં આવશે તો જે તે કચેરીના **રીવોલ્વીંગ સદરે બચત રહેલ ફંડ માંથી સરભર કરવા અંગેની દરખાસ્ત** યોગ્ય કારણો સાથે કચેરી વડાશ્રીના સહી સિક્કા કરી જે તે યોજનાના વડાશ્રીની ભલામણ મેળવી આ કચેરીને **તા. ૨૬/03/૨૦૨૪** ના રોજ સાંજે **૧૮:00** કલાક સુધીમાં પહોચતી કરવા જણાવવામાં આવે છે. અન્યથા આવનાર નવા **નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫** માં **ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪** માં માઈનસ ગ્રાન્ટ રહેલ હોઈ એવી કચેરીના કોઈપણ યોજનાઓના **બીલો પાસ કરવામાં આવશે નહીં**, જેની સર્વે ખાસ નોંધ લેવી.

**જા.નં. નકૃયુ/હિનિ/કંટ્રોલ/બજેટ/૮૧૩/૨૦૨૪**
**નવસારી, તા.૦૧/03/૨૦૨૪**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):-**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
**(૨)** અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરી અને યોજનાઓના વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૩)** અત્રેની યુનિવર્સિટીના તમામ યોજનાઓના નિયંત્રણ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૪)** અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૫)** અત્રેની યુનિવર્સિટીના માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા):-**

અત્રેની યુનિવર્સિટીના વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી તરફ જાણ તથા અમલ થવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.